**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૨૬/૦૩/૨૦૧૫ ગુરૂવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૪/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૮ કેસ કરી ૪૪ વ્યક્તિઓને ઝડપી, ૨૦૩ લીટર દેશી દારૂ, ૧૩૪૪ ક્વૉટર ઇગ્લીશ દારૂ, ૧૦ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૧૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૫૯૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૫૯૬/૧૫**

**શાહપુરઃ** વિક્રમભાઈ સુરજભાન મહેતા (રહે.સિલ્વર હોટલ ભાજપ કાર્યાલયની બાજુમાં ખાનપુર શાહપુર) એ તા.૨૫/૩/૧૫ નારોજ શાહપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી (૧) અર્પિત અશ્વિનભાઈ દેસાઈ (રહે.લાભા શેરી ઝાલા રોડ ધ્રાગંધ્રા) અને (૨) સુરેશભાઈ મહેતા (જેના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી શાહપુર ખાતે તા.૨૫/૨/૧૫ થી તા.૯/૩/૧૫ ના સમયગાળા દરમ્યાન વિક્રમભાઈ અને સાહેદો પાસેથી શાકભાજી તેમજ ફળો ખરીદી આપવાનુ કહી ઓર્ડર/એસ્ટીમેન્ટ ફોર્મ આપી તે પેટે રૂપિયા ૮૦,૦૦૦/- મેળવી લઈ બાકી નિકળતા રૂપિયા ૨,૭૩,૦૦૦/- પરત અની આપી છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી વાય જી ગુર્જર ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૫૯૭/૧૫**

**ખોખરાઃ** રેખારામ જેસાજી સુથાર (રહે.સોમનાથપાર્ક સોસાયટી સિંગરવા રોડ ઓઢવ) એ તા.૨૫/૩/૧૫ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૩/૧૫ કલાક ૪/૦૦ વાગ્યાના સુમારે ખોખરા હાટકેશ્વર સર્કલ નજીકથી ખાનગી બસમાં મુસાફરી કરી રહ્યા હતા દરમ્યાન અજાણ્યા બે પુરૂષ રેખારામની નજર ચુકવી રેખારામના બેગમાંથી રોકડ રૂપિયા ૨૪,૪૮,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર એમ ચૌહાણ ચલાવે છે.

**સેટેલાઈટ**: રાજેશ્વરીબહેન મહેન્દ્રભાઇ ડોડેજા (ઉ.વ.૬૦)(રહે.અનુરાધા સોસાયટી, કબીર એન્કલવ ગલીમાં, બોપલ) તા.૨૫/૩/૧૫ સવારના ૧૦/૦૦ થી ૧૦/૧૫ વાગ્યા દરમ્યાન ઇસ્કોન સર્કલથી બીમાનગર ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ ત્રણ પુરૂષ રાજેશ્વરીબહેનની નજર ચુકવી તેમનાં થેલામાંથી રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- ચોરી કરી લીધા હતા. આ અંગેની ફરીયાદ રાજેશ્વરીબહેન ડોડેજાએ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી બાબુભાઇ રેવાભાઇ ચલાવે છે.

<u>**ગુમ થવા બાબતઃ-**</u> <u>**સમાચાર યાદી નં.૫૯૮/૧૫**</u>

| | |
|---|---|
| **નરોડા**: મયુરીબહેન જીતેન્દ્રભાઈ ગાંધી (ઉ.વ.૧૯) (રહે. ગાયત્રી સોસાયટી સૈજપુર નરોડા) તા.૩/૩/૧૫ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પરિક્ષા આપવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ ટોપ અને લાલ રંગનો પાયજામો પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (નરોડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૧૫૮૧૪) |  |
| **રામોલ**: રીનાબહેન ગીરીશભાઈ પટેલ (ઉ.વ.૨૧)(રહે.પંચવટી પેરેડાઇઝ શિવાનંદ બંગલોઝ પાછળ રતનપુરા વસ્ત્રાલ રામોલ) તા.૮/૩/૧૫ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે દુધ લેવા જવાનુ કહી નિકળ્યા બાદ પરત ફર્યા નથી. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. મરૂન રંગનો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઇ ૫ ફુટ ૩ ઈંચ છે. (રામોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૮૫૦૩૦૦) |  |
| **સાબરમતી**: ટીનાબહેન હેમરાજભાઈ બેરવા (ઉ.વ.૨૧)(રહે. રવારીવાસ પાણીની ટાંકી પાસે રામનગર સાબરમતી) તા.૧૮/૩/૧૫ પહેલા ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. રામા રંગનુ ટોપ અને કાળા રંગની લહેંગી પહેરી છે. નંબરના ચશ્મા પહેરે છે. ઉંચાઈ ૫ ફુટ ૩ ઈંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **રાણીપ**: મમતાબહેન મનોજભાઈ રાઠોડ (ઉ.વ.૧૫) (રહે.જુના વાડજ ચંદ્રભાગાનો ખાડો રમતુજીની ચાલી નારણપુરા) તા.૧૭/૩/૧૫ સવારના ૧૦/૦૦ વાગ્યાના સુમારે રાણીપ વિસ્તારમાંથી ગુમ થયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગને સફેદ ટપકાવાળો ડ્રેસ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ છે. (રાણીપ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૫૧૦૧૦) |  |

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.